**કૃપાકરી પ્રસિદ્ધિ માટે** **૧૫ ડિસેંબર ૨૦૧૩**

**દાદાસાહેબ ફાળકે ચિત્રનગરી, બોરીચાપાડા વીજળી વડે પ્રકાશિત**

**મુંબઈ,રવિવાર :** "દેશની આર્થિક રાજધાની મુંબઈ અને તેમાંય દાદાસાહેબ ફાળકે ચિત્રનગરીના આદિવાસીના બોરીચાપાડા ખાતે વિજળી ન હોવી તે દિવાતળે અંધારૂં ! સ્વતંત્રતા બાદ ૬૬ વર્ષ થયાં હોવા છતાં હવે તેમને વિજળી નું જોડાણ મળવાને કારણે આદિવાસીઓના જીવનમાં ખરેખર પ્રકાશ પથરાયો છે," આ મુજબની લાગણી ભારતીય જનતા પક્ષ ના નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે શનિવારે સાંજે વિજળી જોડાણ નું ઉદ્દ્ઘાટન કરતી વેળાં વ્યકત કરી હતી.

દાદાસાહેબ ફાળકે ચિત્રનગરીમાં અનેક પેઢી થી રહેનારા ઘણા આદિવાસી પરિવારો છે. મુખ્ય રસ્તાથી દૂર અને ઉંચી ટેકરી પર રસ્તો ન હોવાને કારણે રહેનારા ચાર આદિવાસી પરિવારોને વિજ જોડાણ મંજૂર થતું ન હતું. ચિત્રનગરી અને મહારાષ્ટ્ર રાજય વિદ્યુત મંડળે કરેલી ઉપેક્ષા આનું સ્પષ્ટ કારણ હતી. શ્રી રામ નાઈકના માર્ગદર્શન ને કારણે અને ભાજપના કાર્યકર શ્રી સુભાષ ઉપાધ્યાય અને આદિવાસી વિસ્તાર માં રહેનારા શ્રી મોહન ગોરાત ના સંયુકત પ્રયાસ ને કારણે આખરે વીજળી પ્રાપ્ત થઈ હતી. સઘળી અડચણો દૂર કરી મેળવેલી વિજ જોડાણનું જયારે શ્રી રામ નાઈકે બટન દાબી ઉદ્દ્ઘાટન કર્યું ત્યારે આદિવાસી પરિવારોના ઘરડાં-ડોસા થી માંડી નાના ભૂલકાં ઓનો હરખ મ્હાતો નહોતો. તેમની આ લાગણીઓને ધ્યાનમાં રાખી ભાજપ ઉત્તર પશ્ચિમ જીલ્હાના ઉપાધ્યક્ષ શ્રી ચંદનસિંહ પરમારે આદિવાસીઓને દૂરદર્શનના સેટ આપવાનું ઠરાવ્યું છે. તેમજ અઠવાડિયે એક સાંજ આ પાડામાં આવી નાના બાળકો માટે સંસ્કારવર્ગ ચલાવવાની જવાબદારી ઍડવોકેટ કમલેશ યાદવ અને શ્રી રાજકિરણ સાળવે એ લિધી છે. આ નાના પણ મુંબઈ નગરી અને એય પાછી ફિલ્મસિટી માં અંધારે બેઠેલા પરિવારો માટે મહત્વનાં કાર્યક્રમમાં ભાજપ ઉત્તર પશ્ચિમ જીલ્હાના મહામંત્રી શ્રી સંતોષ મેઢેકર, શ્રી દુર્ગાદાસ ભકતા, શ્રી સુનીલ મિસ્કીન, શ્રી જીતેંદ્ર પાટીલ, શ્રી વિજય ગરૂડે વગેરે કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

**( કાર્યાલય સચિવ )**